# જાહેરજીવનમાં મહિલા રસોડાની રાણી રાજકારણમાં નારી તું નારાયણી!

આપણી સંસ્કૃતિમાં નારીને એક તરફ નારાયણી કહી બિરદાવી છે તો બીજી તરફ 'ન સ્ત્રી સ્વાતંત્ર્યમ્ અર્હતિ' કહી એને ઘરના ઉંબરા બહાર નીકળવા માટે પણ કોઈ ને કોઈ પુરુષનું રખોપું અનિવાર્ય હોવાનું કહેવાયું છે. એને પિયરમાં લાડ લડાવવામાં કશી કમીના નથી રખાતી પણ સાથે જ રસોડું જ અને પતિગૃહે શયનખંડ જ એનું રજવાડું બની રહે છે. બીજા શબ્દોમાં કહીએ તો ઊંડા ઓરડે અથવા હવે પ્રસૂતિગૃહમાં જન્મેલી કન્યા પરણ્યા પછી પતિગૃહે ગૃહલક્ષ્મી બન્યા પછી એનો વંશવેલો વધારી,માતાનો વાત્સલ્યપૂર્ણ પાઠ ભજવી અંતે સ્મશાનમાં વિરમે છે. એને જન્મ આપી લાડ લડાવી ઉછેરીને સારું ઘર અને વર શોધી ભીની આંખે પારકે પાદર વળાવનારાં માતાપિતા અને ભાઈભાંડુ સહિત

**પરંતુ શિક્ષણ અને બંધારણ ભારતીય સ્ત્રીને ઘણાં મદદરૂપ થઈ રહ્યાં છે અને હવે એ જાહેર જીવનમાં પુરુષોની લગોલગ નહીં તો બીજી હરોળની નેતાગીરી કરતી થઈ ગઈ છે. અનામતની કાનૂની વ્યવસ્થા જેમ અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને લાઈમલાઈટમાં લાવી છે એમ સ્ત્રીઓ માટે પણ એ સોનેરી તક પૂરી પાડી રહી છે**





બધાં એવા આશીર્વાદ આપે છે કે 'અખંડ સૌભાગ્યવતી' બનજે અર્થાત્ જીવે ત્યાં સુધી તારો ચૂડીચાંદલો અકબંધ રહે, બીજા શબ્દોમાં પતિની હયાતીમાં જ તું લાલ ચુંદડી ઓઢી વિદાય થજે, ભગવાન તને વિધવાની ઓશિયાળી અને અપશુકનિયાળ પરિસ્થિતિમાં ના મૂકે.

આવી કરુણમંગલ અને બીજી રીતે કહીએ તો રૂઢિચુસ્ત પરંપરા ધરાવતા ભારતીય સનાતન સમાજમાં સ્ત્રીને પોતાના સ્વજનને અંતિમ વિદાય આપવા સ્મશાનમાં જવાની કે એના અસ્થિ વિસર્જન જેવા વિધિમાં પણ હાજર રહેવાની પરવાનગી નહોતી. માતાપિતા, પતિ કે લાડકવાયા સંતાનની અંતિમયાત્રામાં એ નનામીને ફળિયા બહાર નીકળે ત્યાં સુધી બારસાખ પકડીને ભીની આંખે જોયા કરતી. બ્રાહ્મણોએ લાદેલા પ્રતિબંધોને ઓળંગવાની એને છૂટ નહોતી. છૂટ લેવા જાય તો ઘરનો જ પુરુષ વર્ગ એને ધુત્કારી કાઢતો. હા,સત ચડ્યું હોય તો એ ઝનૂનપૂર્વક વાળ છુટ્ટા મૂકી નનામીની પાછળ પાગલની જેમ દોડી ચિતા પર ચડી જતી અને સળગી મરતી ખરી. એને બચાવવાને બદલે ઘરના જ પુરુષો એની ચીસો ના સંભળાય એટલા માટે જોર જોરથી સતીમાના જયકારા બોલાવી એને વાજતે ગાજતે જીવતી ભૂંજાવા દેતા અને પછી એની દેરી બનાવી પેઢીઓ સુધી સતીમાની પૂજા કરતા અને પોતાના કુળમાં સતીમા થઈ ગયેલાં એ વાતનું ગૌરવ માણતા.

કાળક્રમે આપણા પશ્ચિમી શાસકોએ એ પરિસ્થિતિમાં બદલાવ લાવી વિશેષપણે સ્ત્રી સમુદાય પર ક્યારેય ફેડી ના શકાય એવડો ઉપકાર ચડાવ્યો હતો. સતીપ્રથાને નાબૂદ કરવા જતાં ક્રાન્તિકારી લડવૈયા રામમોહનરાયને નવ નેજાં થયાં હતાં.

અંગ્રેજ હાકેમનો સહકાર હતો એટલે એ પરંપરાને જળોની જેમ ચોંટી રહેવા માગતા સમાજ સામે ખુલ્લો બળવો કરી એ ક્રૂર પ્રથાને નાબૂદ કરતો સરકારી આદેશ કરાવી શકેલા. છતાં આજે એકવીસમી સદીમાં પણ રાજસ્થાન જેવા પ્રદેશોમાં ખાનદાનીના રૂઢ ખ્યાલોની રૂએ છૂટાછવાયા બનાવો નોંધાયા છે.

આ બધું એકસાથે સમેટાઈ જાય એવી અપેક્ષા વધારે પડતી જ ગણાય. પરંતુ શિક્ષણ અને બંધારણ ભારતીય સ્ત્રીને ઘણાં મદદરૂપ થઈ રહ્યાં છે અને હવે એ જાહેર જીવનમાં પુરુષોની લગોલગ નહીં તો બીજી હરોળની નેતાગીરી કરતી થઈ ગઈ છે. અનામતની કાનૂની વ્યવસ્થા જેમ અનુસૂચિત જાતિ અને જનજાતિના લોકોને લાઈમલાઈટમાં લાવી છે એમ સ્ત્રીઓ માટે પણ એ સોનેરી તક પૂરી પાડી રહી છે. વળી પતિના મૃત્યુ બાદ પરંપરાગત ખૂણો પાડવાને બદલે હવે એ ખુલ્લા મોઢે પુરુષ વર્ગ સાથે સ્મશાન યાત્રામાં પણ સામેલ થવા લાગી છે. જોકે પેલા ભૂદેવોએ એને શાસ્ત્રનો હવાલો આપીને હજી પતિને મુખાગ્નિ આપવાનો અધિકાર નથી મળવા દીધો. હમણાં અકાળે અવસાન પામેલા મુલાયમ સિંહ યાદવના અનૌરસ પુત્રને લખનૌમાં હજારોની મેદની વચ્ચે અંતિમ વિદાય અપાઈ રહી હતી ત્યારે એની પ્રમાણમાં આધુનિક અને બળવાખોર ગણાતી પત્ની સ્મશાનમાં એની બે દીકરીઓ સાથે હાજર રહી હતી. હા, ત્યાં પહોંચીને પણ એ પતિને પોતે અથવા દીકરીના હાથે મુખાગ્નિ ન જ આપી કે અપાવી શકી! અતિશય આધુનિક ગુજરાતી ભદ્ર સમાજમાં તો સ્ત્રીઓ ઘણા સમયથી સ્મશાનમાં પ્રિયજનને અંતિમ વિદાય આપવા

## મનકા સિતાર

**કેશુભાઇ દેસાઇ**

પહોંચતી રહી છે, દીકરી ભાઈની અવેજીમાં પિતાને અગ્નિદાહ આપતી પણ થઈ ગઈ છે. પરંતુ મુલાયમ સિંહ યાદવ તો ઉત્તર પ્રદેશના ગ્રામીણ સમાજના નેતા હતા અને એમના સમાજ ઉપરાંત લઘુમતી સમાજ તથા અન્ય ગરીબ અને પછાત જાતિઓમાં એ એટલા બધા લોકપ્રિય હતા કે લોકો એમને 'નેતાજી' જેવા હુલામણા નામે ઓળખતા હતા. ખુદ એમનો પોતાનો વિશાળ કુટુંબકબીલો પણ એમને નેતાજી જ કહેતો હતો. નેતા હોય એને સામાજિક બંધન પણ હોય. પરંતુ નેતાઓને પણ હૈયું તો હોય જ વળી. મુલાયમ ખરેખર મુલાયમ દિલના માલિક હતા એટલે એમને પત્ની ઉપરાંત બીજું એક સ્પેરવ્હીલ પણ હતું જેને પત્નીના મૃત્યુ પછી એમણે ઉદારતા પૂર્વક પત્નીનો દરજ્જો આપ્યો હતો, એટલું જ નહીં, એના આગલા પતિથી થયેલ પુત્રને પોતાના પુત્ર તરીકે સ્વીકારી લીધો હતો. આડત્રીસ વર્ષની કાચી વયે ફાની દુનિયાને અલવિદા કરી ગયેલા એ અબજોપતિ 'સુપુત્ર'ની પત્ની અપર્ણા મુલાયમની હયાતીમાં જ સમાજવાદી પાર્ટી સાથે છેડો ફાડીને ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ હતી છતાં વિશાળ હૃદયના સસરાએ એનો વિરોધ નહોતો કર્યો બલકે એને આશીર્વાદ આપ્યા હતા. જેઠ અખિલેશ યાદવ અને યાદવ પરિવારના બીજા પુરુષો દિવંગત પ્રતીક યાદવને મુખાગ્નિ આપવાનો રૂઢિમાન્ય અધિકાર ધરાવતા હતા છતાં અપર્ણાએ ધરાર એના ધર્મગુરુની સલાહ લઈ એના પિતા પાસે મૃતકને અગ્નિદાહ અપાવી પરિવાર અને પરંપરાને ન કહેવાય કે ન સહેવાય એવી લપડાક મારી દીધી! એ બધું જ અખિલેશ યાદવે ચુપચાપ જોયા કર્યું એટલું જ નહીં, મરનાર પ્રતીક યાદવની નાની બાળકીને પોતાની લગોલગ બેસાડી લાડ કરતા રહ્યા. અપર્ણાએ મુખાગ્નિ આપવાનો અખિલેશ યાદવનો રૂઢિમાન્ય અધિકાર ધરાર છીનવી લીધો છતાં અખિલેશ એ કડવો ઘૂંટડો ગળી ગયા એથી એમની સામાજિક છબી વધારે ઊજળી થઈ છે. પરંતુ અપર્ણાની 'ક્રાંતિ' અધૂરી રહી ગઈ છે. જો એણે પતિને હઠપૂર્વક જાતે મુખાગ્નિ આપવાનો નિર્ણય કર્યો હોત તો જરૂર એ ચીલો ચાતરીને મહિલાઓ માટે એક નવો આદર્શ સ્થાપી શકી હોત. અહીં તો ઊલટાની એ ટીકાપાત્ર બની ગઈ. આખો યાદવ પરિવાર સાગમટે પોતાના દિવંગત નેતાજીએ જેને પોતાની ઓળખ આપી અને પુત્ર તરીકે સ્વીકારી મિલકતમાં પણ સરખા અધિકારો આપ્યા હતા એ પ્રતીક યાદવને વિદાય આપવા ઊમટ્યો હતો. બલકે આખા ઉત્તરપ્રદેશના સમાજવાદી પાર્ટીના અગ્રણી નેતાઓ સહિત અપર્ણા પ્રત્યે આત્મીયતા દર્શાવવા ભારતીય જનતા પાર્ટીના નાયબ મુખ્યમંત્રી સહિત કેટલાક આગેવાનો પણ હાજર રહ્યા હતા. એ બધાની હાજરીમાં અપર્ણાએ જેઠ અખિલેશનું નાક કાપીને વેર વાળવાની કોશિશ કરી એથી એ સ્વાભાવિક રીતે જ એ જૂનવાણી પરંપરાઓમાં માનતા સમાજમાં હડધૂત થશે. અખિલેશ યાદવ ઘણા હોશિયાર પુરવાર થયા છે અને અપર્ણા હાંસીપાત્ર.

સ્ત્રીનું શરીર સુંદર, કોમળ ,સુડોળ અને આકર્ષક હોવાથી તથા પરંપરાગત સંસ્કારોને અનુસરી સ્વાભાવિક રીતે જ પુરુષો એની સાથે મીઠો વ્યવહાર રાખવાનો વિવેક દાખવી કહેવાતા સ્ત્રી દાક્ષિણ્યનો દાખલો બેસાડવામાં શ્રેય સમજે છે. એથી ખાનદાન ગણાતા પરિવારોમાં વિધવા સ્ત્રીઓ સમ્માનભેર 'અસ્ત્રીનો અવતાર' ભોગવીને ,ભરયુવાનીમાં રંડાપો આવ્યો હોય તો પણ પરપુરુષ સાથે સલામત અંતર રાખીને ડાઘ વગર સંસાર યાત્રા પૂર્ણ કરતી રહી છે, પણ એ જ બાઈ ક્યારેક એટલી હદે સ્વકેન્દ્રી બની જતી હોય છે કે ખાનદાનીનું મહોરું પહેરીને એનો સમાજ મૌન રહીને એને હાંસિયામાં હડસેલી દે છે. આ સમાજશાસ્ત્રીઓ માટે અભ્યાસનો વિષય છે. 'પાની' વાળી કહેવત પાછળ એવી જ અણગમતી ઘટનાઓ પડી હોવી જોઈએ.

સ્ત્રીનું શ્રેષ્ઠ સ્વરૂપ દૃષ્ટિગોચર થાય છે માતા અને દીકરીના રોલમાં. પત્ની તરીકે પણ એ પૂજાતી રહી છે. આપણા લોકસાહિત્યનું જાણીતું ભજન યાદ આવે છેઃ 'મારા રામ તમે સીતાજીની તોલે ના આવો!' રામ માટે એમનો રાજધર્મ સીતા કરતાં વધુ મહત્ત્વ ધરાવે છે. સીતા માટે રામથી વધારે કશું જ નથી.





# નવી શિક્ષણનીતિમાં જાપાનનું મોડલ અનુસરવાની આવશ્યકતા

પહેલાં કહેવત હતી કે 'સોટી વાગે ચમચમ વિદ્યા આવે રૂમઝૂમ'. શિક્ષકો જે સજા કરતા તે પણ બાળકોના આરોગ્યને અને સ્મરણશક્તિને સુધારનારી હતી. દા. ત. ઉઠકબેઠક કરાવાતી, કૂકડો બનાવતો (યોગમાં તો કુકુટાસન છે અને તેના અનેક લાભ છે), કાન પકડાવાતા. ગાંધીજીના સાબરમતી આશ્રમમાં ગમે તેવી મોટી હસ્તી કેમ ન હોય, તેમને શૌચાલયથી માંડીને આંગણ, સુધી સાફસફાઈથી લઈને શ્રમનાં અનેક કામો કરવા પડતાં.

પરંતુ વિતેલા બેએક દાયકાથી શિક્ષણ પ્રત્યે મીડિયાનો દૃષ્ટિકોણ બદલાયો છે અને એટલે માબાપનો પણ દૃષ્ટિકોણ બદલાયો છે. શિક્ષકો બાળકોને સજા આપે કે પછી સાફસફાઈ કરાવે એટલે મીડિયાને મજા પડી જાય છે કે જુઓ, સરકાર શું કરે છે? બાળકો પાસે આવાં કામો કરાવે છે, એટલે માબાપને પણ થાય કે મારા બાળક પાસે સાફસફાઈ કરાવે છે? તે પણ મોરચો માંડે.

આજે મોંઘીદાટ શાળાઓ છે. ગણવેશ, જૂતાંથી માંડીને લંચ બૉક્સ સુધી બધું જ મોંઘું છે. શાળા કહે (એટલે કે તેને કમિશન મળે) ત્યાંથી આ બધી ચીજો ખરીદવી પડે છે. બાળકની દિનચર્યા કેવી બની ગઈ છે? અથવા બનાવી દેવાઈ છે? સવારે છ-સાડા છએ બસ આવી જાય, એટલે સવારે માતા ઊઠે, બાળકને નવડાવવાથી માંડીને વાળ ઓળી દેવા, બૂટ પહેરાવવા, બેગ તૈયાર કરી દેવી. આ બધું કરી બાળકની બૅગ ઉપાડી બસ સુધી મૂકી જાય. શાળા બસના કંડક્ટર તેને લઈ લે. આઠેક વાગે બસ શાળાએ પહોંચે. બાળક એક વાગ્યા સુધી ભણે. વળી, બસમાં ઘરે બે-અઢીએ વાગે પહોંચે. મા બસના થોભવાના સ્થાને ઊભી હોય. બાળક ઉતરે એટલે તેની બૅગ લઈ લે.

## અબીલ ગુલાલ

**જયવંત પંડયા**

બાળક ઘરે આવે એટલે એક જૂતું અહીં, ને બીજું જૂતું ત્યાં. એક મોજું અહીં ને બીજું ત્યાં. સીધું ફ્રીજ પાસે પહોંચે અને ગંદા હાથે પાણીની બૉટલ કાઢે. બૉટલ સીધી મોંઢે જ માંડવાની. પછી હાથ-પગ ધોવા અને ગણવેશ બદલી ઘરનાં કપડાં પહેરવાં માતા કેટલી આજીજી કરે ત્યારે બાળક કપડાં બદલે. પછી ટીવી કે ફૉન જોતાં-જોતાં માતા જમાડે. જમીને બાળક થોડી વાર રમે ત્યાં ટ્યૂશનનો સમય થઈ જાય. ટ્યૂશનમાં માતા મૂકવા જાય અને લેવા જાય. ટ્યૂશનથી આવીને બાળકને શાળાનું અને ટ્યૂશનનું ગૃહ કાર્ય કરવાનું હોય. તે માંડમાંડ કરે ત્યાં રાત્રે જમવાનો સમય થઈ જાય. બાળક જમે અને પછી એકાદ કાર્ટૂન સિરિયલ કે 'તારક મહેતા કા ઉલ્ટા ચશ્મા' જુએ. વળી પાછો ફોન હાથમાં લે અને ચાર-પાંચ રીલ જુએ. રીલના વ્યસનના કારણે ઊંઘ ધીમેધીમે ઘટવા લાગે. બાકી, તો રીલ પહેલાં બાળક જમીને જ ઘોંટાઈ જતું.

આવી દિનચર્યા અને ઉછેરમાં માનો કે માતા થોડી કડક થવા જાય તો પિતા કે દાદા/દાદી બાળકનો પક્ષ લેશે. જો પિતા કડક થવા જશે તો માતા બાળકનો પક્ષ લેશે. આવી દિનચર્યામાં ખરેખર મરો તો માતાનો અને બાળકનો બંનેનો થાય છે. પિતા તો કંઈ કરતા જ નથી. પણ હા, જો માર્ક ઓછા આવ્યા કે બાળકના તોફાનની ફરિયાદ આવી તો તારા કારણે જ બાળક બગડ્યું છે તેમ પિતા જરૂર કહેશે. બાળકનું ઉત્તરદાયિત્વ માતા અને પિતા જ નહીં, દાદા-દાદી બધાનું છે. છેલ્લા બે દાયકાના આવા ઉછેરના કારણે જ આજે પરિવારો કે ઉદ્યોગ જગત કહે છે કે જેન-ઝી ઘરે અથવા નોકરીમાં સાવ ડમ્બ છે. તેમને પેંથીએ-પેંથીએ તેલ પૂરવું પડે છે કહે એટલું જ કરે છે અને એ પણ જેમ કહ્યું હોય તેમ કરે તો ભગવાનનો પાડ, અને કંઈ કહેવાતું નથી. કહે તો ઘર કે નોકરી છોડી ચાલી જાય છે અથવા વિડિયો બનાવી બદનામ કરી દેશે. આના માટે ઉત્તરદાયી બાળકનાં માતાપિતા, સરકાર, મીડિયા જગત અને કેટલીક હદે મનોરંજન જગત છે.

આજથી બે દાયકા પહેલાંની જ વાત કરો તો, ઘરમાં એક પિતાનું જ ચાલતું એટલે પિતા આવે એટલે બાળક ડાહ્યું-ડમરું બની જાય. માતા પણ ડાહીડમરી બની જાય. માતા બાળકને રસોઈ બનાવીને થાળી પીરસી દે, અને બાળ મંદિર સુધીનું બાળક હોય તો જમાડે, એ સિવાય બાળકનો ઉછેર જાતે થતો જાય. દસમા-બારમાની બૉર્ડની પરીક્ષા કેમ ન હોય, માતાપિતા શાળાએ મૂકવા આવતા નહોતા. સગાવ્હાલા કે પડોશીઓ ઘરે 'બૅસ્ટ ઑફ લક' કહેવા આવે અને પેન-પેન્સિલ વગેરે ભેટ આપે તેવા 'બજારુ' રિવાજો નહોતા. બારમા પછી કયો કૉર્સ કરવો તે નિર્ણય દીકરો કે દીકરી પોતે જ કરતા અને ફૉર્મ લેવા જવાથી માંડીને સબમિટ કરવા જવા સુધી, બધું તે જ કરતા. અત્યારે તો બાળકને અગિયારમા ધોરણમાં કયું ગ્રૂપ લેવું ત્યાંથી માંડીને કઈ કૉલેજને પ્રેફરન્સ આપવો તે સહિતનું બધું માતાપિતા જ નક્કી કરે છે. આ પ્રેમ અને કાળજીની વર્ષા નથી, આ ઈમૉશનલ સ્વામિત્વ છે. બાળકને દાસ બનાવી દેવાય છે.

તાજેતરમાં અનુદેશકો (ઈન્સ્ટ્રક્ટર)ના માનદેયમાં વૃદ્ધિ અને સન્માન કાર્યક્રમમાં ઉત્તર પ્રદેશના મુખ્ય પ્રદાન યોગી આદિત્યનાથે આ જ વાત કહી. તેમણે કહ્યું કે 'જ્યારે શાળામાં બાળકો પાસે શ્રમદાન કરાવાય છે તો મીડિયા કહેવા લાગે છે કે જુઓ, બાળકો પાસે કામ કરાવાય છે." યોગીજીએ કહ્યું કે આમાં ખોટું શું છે? આવા વિડિયો વાઈરલ થવા પર ડીઈઓ કે શિક્ષણ વિભાગ શિક્ષકો પાસે સ્પષ્ટીકરણ માગે છે. ખરેખર તો બાળકોને પડકાર માટે તૈયાર કરતા શિક્ષકોનું સન્માન કરાવું જોઈએ.

યોગીજીની વાત સાચી છે. શ્રીકૃષ્ણના સાંદીપનિ આશ્રમમાં ઘડતર અને કાર્યની વાત જો આજના સંદર્ભમાં જોવાય તો, વસુદેવ અને દેવકી કેવી-કેવી ફરિયાદ કરે? મારા કુંવરને તમે જંગલમાં લાકડી કાપવા મોકલ્યો? જંગલમાં ભયંકર વરસાદ આવવા લાગ્યો. મારા બાળકને કંઈ થઈ ગયું હોત તો કોણ જવાબદાર થાત? અમારે તો બે જ દીકરા છે અને ગુરુ દક્ષિણામાં તમે હીરા-આભૂષણો માગી લો, સોનુંચાંદી માગી લો, સુવર્ણ મુદ્રા માગી લો, પણ તમારા મૃત પુત્રને યમલોકમાંથી પાછો લાવવાનું મગાય? મારો પુત્ર યમલોકમાં રહી ગયો હોત તો?

**તાજેતરમાં યોગી આદિત્યનાથે શિક્ષકોને કહ્યું કે બાળકોને છુઈ-મુઈ એટલે કે લજામણીના છોડ જેવાં ન બનાવો. પડકારોનો સામનો કરી શકે તેવાં બનાવો. આના માટે ભારતે જાપાન તરફ દૃષ્ટિ કરવાની આવશ્યકતા છે**

આની સામે જાપાન અને ચીનનો દાખલો જુઓ. ચીનમાં બાળકને નાનું હોય ત્યારથી બિન્દાસ્ત સ્વિમિંગ પૂલમાં નખાય છે. દડાની રમત સાથે મગજ વિકસે તેવી રમત રમાડાય છે. અમસ્તું, ઑલિમ્પિક અને એશિયાઈ રમતોમાં ચીનનો ક્રમ પહેલાં ત્રણમાં નથી આવતો. જાપાનમાં કેવી પદ્ધતિ છે?

જાપાનમાં બાળકો પાસે શૌચાલય, વર્ગખંડ, બ્લેક બૉર્ડ વગેરેની સાફસફાઈ કરાવાય છે. આ સાફસફાઈને ઓસોજી (Osoji) કહે છે. જૂતાં પહેરીને વર્ગખંડમાં બેસાડાતા નથી. શિક્ષક બાળક સાથે બેસીને જ જમે છે. બાળકને પૌષ્ટિક જમવાનું અપાય છે. આ ઉપરાંત શાળાની અંદર હૉસ્પિટલ અને ડૉક્ટર પણ હોય છે. શિક્ષકને નમન કરવાનું હોય છે. ઊભા થઈને 'ગુડ મૉર્નિંગ ટીચર' જેવી પશ્ચિમી રીતભાત નથી. વર્ગ પૂરો થાય પછી સહાધ્યાયીઓનો આભાર માનવાનો હોય છે. આ રીતે બાળકમાં માનસન્માન, સહાધ્યાયીનો આદર, સાફસફાઈ વગેરે ગુણો નાનપણથી સ્વયંભૂ કોઈ ઉપદેશ વગર આવી જાય છે. બાળકને એક ક્લાર્ક કે નોકરિયાત બનાવવા કરતાં તે ઉદ્યમી સાહસિક (ઍન્ટરપ્રિન્યૉર) બને તે પ્રકારે શાળા અને ઘરે ઘડતર કરાય છે. આથી જ જાપાન રમતોથી લઈને અર્થતંત્રમાં ટોચના પાંચ દેશોમાં આવે છે.

અનુસંધાન પાના એકનું

## બહુશ્રુત

જો નરેન્દ્ર મોદીને માર્કેટિંગના માસ્ટર કહેવા હો તો તમારે એ યાદ રાખવું જોઈએ કે દાંડીકૂચ થઈ ત્યારે ગાંધીજીએ અમેરિકન પત્રકારોને બોલાવ્યા હતા. કૂચની જે તસવીરો આપણે જોઇએ છીએ તેમાંની કેટલા આગલા દિવસના રિહર્સલની તસવીરો છે. વિન્સ્ટન્ટ ચર્ચિલની વિ સાઈન હોય કે જ્હોન એફ કેનેડીનું ટેલિવિઝન પર સરળતાથી આવવું હોય - આ બધું જ અસર માટે કરાયું હતું. રાજકારણમાં પ્રદર્શન નવી બાબત નથી. તો પછી વાંધો શું છે? સ્પીડ, ગતિ અને સીધી પહોંચને કારણે મધ્યસ્થી સંસ્થાઓ બાયપાસ થઇ જાય છે. આ જ ખાટલે મોટી ખોડ છે. નવી પેઢી માહિતી અને સમાચારો સોશ્યલ મીડિયામાંથી મેળવે છે અને એટલે જ રાજકીય બાબતોમાં રહેલું ગાંભીર્ય ક્યારેક ગોટે ચઢી જાય છે. એક વખત હતો જ્યારે નેતાઓ અખબારના તંત્રીઓ મારફત લોકો સુધી પહોંચતા, તંત્રી ચાર સવાલ કરીને, બાબત સમજીને નક્કી કરતાં કે અગત્યનું શું છે. આજે નેતાઓ સીધાં જ લોકોની ભાવનાત્મક નવર્સ સિસ્ટમમાં પ્રવેશી જાય છે. રાત્રે પલંગમાં પડ્યાં પડ્યાં મતદારો અલ્ગોરિધમે ગોઠવેલા ફીડને સ્ક્રોલ કરતા હોય છે ત્યારે નેતાઓએ શું કર્યું તે તેમને જોવા મળે છે. માહિતીને મામલે હવે કોઈ વિલંબ નથી થતો, કોઈ સંદર્ભોની ચર્ચા નથી થતી, કોઈ કૂલિંગ ઑફ પિરિયડ નથી હોતો. ઈમેજિઝ, વીડિયોઝ અને પ્રતિક્રિયા - બધું એક સાથે લોકો સુધી પહોંચી જાય છે. અહીં સવાલ એ છે કે આ એક સમસ્યા છે કે માત્ર બદલાયેલા સમય અને ટૅક્નોલૉજી સાથેનું અનુકૂલન છે? દરેક દાયકા કે યુગને તે સમયની ટૅક્નોલૉજીથી જન્મનેલું રાજકીય એસ્થેટિક્સ મળ્યું છે. પ્રિન્ટિંગ પ્રેસે પમ્ફ્લેટ અને પ્રચાર આપ્યો, ટેલિવિઝને કાયમી કેમ્પેઈન સર્જ્યું અને સોશ્યલ મીડિયાએ કાયમી પરફોર્મન્સ ખડું કર્યું. આ બધામાં આર્ટિફિશ્યલ ઈન્ટેલિજન્સનો ઉપયોગ થાય એ લટકામાં. ભવિષ્યમાં ઈતિહાસ કારો આ સમયને લોકશાહીનું પતન નહીં ગણે, તેને એખ વિકાસ તરીકે જોશે. એક નવું રાજકારણ જે નવા મીડિયાના માહોલમાં સ્વાભાવિક રીતે જન્મ્યું, પોતાની અલગ તર્ક વ્યવસ્થા, પ્રોત્સાહનો અને વિચિત્ર કહી શકાય તેવી સુસંગતતા સાથે. કદાચ એમને ભાગે એવો ઈતિહાસ લખવાનું પણ આવે કે વિશ્વના સૌથી કુશળ રાજકીય પરફોર્મર્સ આપનારા આ દાયકાઓમાં સૌથી મોટી શાસકીય નિષ્ફળતાઓ પણ સાંપડી, કદાચ કોઈ એમ પણ પૂછે કે આ બંને વચ્ચે કોઈ સંબંધ હતો ખરો? આખરે એક હકીકત એ પણ છે કે કેમેરાને જોઈતો મસાલો આપોવ અને વાસ્તવિક્તામાં શું કરવું તેની ખબર હોવી એ બંન્ને એક બાબત નથી.

અનુસંધાન પાના એકનું

## નો નોનસેન્સ

શિક્ષણ સંસ્થાઓ, મુક્ત શિક્ષણ અને વિચારનાંરું ચિત્ત તેમને પસંદ ન આવે.

બીજું કામ તેઓ લોકશાહીમાં પક્ષીય રાજકીય વિરોધીઓને તેમ જ વૈચારિક વિરોધીઓને ખતમ કરવાનું કરે. સૌથી પહેલાં તો નાગરિક સમાજના વાચાળ લોકોમાંથી જેને ખરીદી શકાય હોય તેને ખરીદે. જ્યાં ખરીદી શક્ય ન હોય ત્યાં નાગરિક સમાજના વાચાળ લોકોને ડરાવે, ધમકાવે અથવા જેલમાં નાખે. રાજકીય પક્ષોમાં લોકપ્રતિનિધિઓને ખરીદે, ડરાવીને પક્ષાંતર કરાવે વિભાજન કરાવે, રાજકીય પક્ષોને નાણાકીય મદદ ન મળે એવી વ્યવસ્થા કરે. ધીરે ધીરે લોકશાહીમાં પ્રતિપક્ષી જ ન બચે. જે હોય એ નામ પૂરતા હોય કે જેથી એમ બતાવી શકાય કે દેશમાં ગયા સપ્તાહના મારા લેખનો અંત એક પ્રશ્ન સાથે કર્યો હતોઃ હિન્દુ પીંડ કેમ બદલાયો? હિન્દુ માનસ કેમ બદલાયું? વેદ ઉપનિષદ મહાવીર અને બુદ્ધે તેમ જ મધ્યકાલીન સંતો અને સુફીઓએ ઉછેરેલો હિન્દુ ક્યાં ગયો?

જે લોકો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની મદદ લઈને તેનો રાજકીય ખપ જોતા હતા એ લોકોને ખાતરી હતી કે હિન્દુ પીંડ તેમ જ હિન્દુ માનસ ન બદલાઈ શકે અને જે લોકો અહર્નિશ આધ્યાત્મિક હિન્દુ હતા (ગાંધી અને વિનોબા) તેમ જ જે ભારતનો સાંગોપાંગ હિતિહાસ જાણતા હતા અને જેણે ઈતિહાસ લખ્યો પણ હતો (જવાહરલાલ નેહરુ) એ લોકોને એમ લાગતું હતું કે હિન્દુ પીંડ પણ બદલાઈ શકે છે. હિન્દુ માનસ બદલાઈ શકે છે. જે હિન્દુ હોવાપણું અનુભવતા હતા, જીવતા હતા, જેઓ હિન્દુ પિંડના ગર્ભગૃહની અંદર હતા તેવા અંદરના લોકોને (insider) ને ડર હતો કે હિન્દુ પીંડ ભવિષ્યમાં ક્યારેક બદલાઈ શકે છે માટે સાવધાન રહેવું જોઈએ.

આવું કેમ બન્યું? હિન્દુ હોવાના ગર્વથી પ્રેરાઈને સોમાનાથનું મંદિર બાંધનારા હિન્દુઓને એમ લાગતું હતું કે હિન્દુ પીંડ બદલાઈ ન શકે માટે આરએસએસથી ડરવાની જરૂર નથી અને જેણે વેદો અને ઉપનીષદોનો અભ્યાસ કર્યો હતો, જેણે શ્રમણ-બ્રાહ્મણ પરંપરાનો અભ્યાસ કર્યો, જેણે સંતો અને સૂફીઓના દર્શનનો અભ્યાસ કર્યો, જેણે ખુલ્લા મને ભારતના અને જગતના ઈતિહાસનો અભ્યાસ કર્યો અને જેણે હિન્દુ હોવાપણાને શ્વસ્યું એ લોકો સાશંક હતા.

આગળ વધતા પહેલાં એક ખુલાસો જરૂરી છે. જે લોકોએ આરએસએસને મદદ કરી અથવા આરએસેસની મદદ લીધી એ કોંગ્રેસીઓ છૂપા હિન્દુત્વવાદી હતા અથવા હિન્દુ કોમવાદી હતા એમ હું માનતો નથી. એકાદ-બે લોકોનો એવો અપવાદ હોઈ શકે છે, પણ એકંદરે તેઓ જમણેરી હતા અને સમાજવાદ તેમ જ સમાજવાદીઓ માટે અણગમો ધરાવતા હતા અને સામ્યવાદથી ડરતા હતા. તેમને મુસ્લિમ કોમવાદનો પણ ડર હતો અને એને માટે કારણો પણ હતાં. તેઓ સંસ્કૃતિપ્રેમી અને સંસ્કૃતિરક્ષક હતા અને તેમને એમ લાગતું હતું પોતાને ડાબરી તેમ જ ઉદારમતવાદી તરીકે ઓળખાવનારાઓ પાશ્ચાત્ય પ્રભાવ હેઠળ જીવે છે. તેઓ જવાહરલાલ નેહરુને તેમાં અગ્રેસર સમજતા હતા જ્યારે કે નેહરુએ જગતનો ઈતિહાસ લખીને પશ્ચિમના અમાનવીય શોષક તેમ જ હિંસક ચહેરાને ઉજાગર કર્યો હતો અને પૂર્વની માનવીય પરંપરાનો મહિમા કર્યો હતો. એ સમયે ભારતનાં આકાશમાં જે વિચાર, વ્યક્તિ અને વલણ હતાં તે વિષે તેમનો આવો અભિપ્રાય હતો. પણ એનો અર્થ એવો નથી કે તેઓ હિન્દુ મૂળભૂતવાદી કે કોમવાદી હતા. સમાનતા અને ન્યાય આધારિત આધુનિક રાજ્યમાં, કાયદાના રાજમાં અને લોકતંત્રમાં તેમની નિષ્ઠા હતી. તેમને જાણ હતી કે કાયદાના રાજનો સૌથી વધુ લાભ બહુમતી કોમને મળવાનો છે અને અરાજકતાની સૌથી મોટી કિંમત પણ બહુમતી કોમે જ ચૂકવવી પડતી હોય છે. તેઓ દ્વેષ કરનારા અને વેર લેનારા હિન્દુ નહોતા.

તો સવાલ પાંચ છે. એક. જે લોકોએ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને સમજવામાં થાપ ખાધી તેમણે ભારતીય રાજકારણને ક્યાં પહોંચાડ્યું? બે. જે લોકો રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘને ઓળખી શક્યા તો તે શેને કારણે? ત્રણ. હિન્દુ પીંડ અથવા હિન્દુ માનસ બદલાયું શેના કારણે? ચાર. ખરેખર હિન્દુ પીંડ કે હિન્દુ માનસ પાછા ન ફરી શકાય એ હદે સંપૂર્ણપણે બદલાયું છે ખરું? અને પાંચ. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘે સત્તા કબજે કરી છે કે પછી રાજ્ય કબજે કર્યું છે કે હિન્દુ માનસ?

આ પાંચ સવાલોને હાથ ધરતા પહેલાં મારે અહીં એક કબૂલાત કરવી જોઈએ. આ લખનારને પણ વાનપ્રસ્થાનની ઉંમરે પહોંચવા સુધી એમ લાગતું હતું કે હિન્દુ પીંડ ક્યારેય ન બદલાઈ શકે માટે સંઘથી ડરવાની જરૂર નથી. આ પૂરાણમતવાદી ગાંડીઘેલી વાતો કરનારી જમાત છે. તેની કોમવાદી હિન્દુઓની એક વોટ બેંક છે, લોકતાંત્રિક દેશમાં તેનો તે અધિકાર છે અને એક અર્થમાં તેનો ખપ પણ છે. જેમ સૃષ્ટિનું સંતુલન જાળવી રાખવા વિવિધ સ્વભાવ ધર્મ ધરાવનારા જીવોનું એક સાથે હોવું જરૂરી છે તેમ સમાજમાં સંતુલન જાળવી રાખવા માટે વિવિધ અભિપ્રાય અને વલણનું એક સાથે હોવું જરૂરી છે. રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો આ રીતે એક મર્યાદિત ખપ છે. બાકી ભારતની હિન્દુ બહુમતી પ્રજા એક પ્રકારની ઉદારતા અને મર્યાદામાં માને છે. ઉપરથી ભારતની વિવિધતા કોઈ એક પ્રજાને આક્રમક થવા દેતી નથી. આત્યંતિકતા અને આક્રમકતાનો અંદરથી છેદ ઉડાડે છે. મધ્યમ માર્ગ અને સહઅસ્તિત્વ ભારતની નિયતિ છે. આ સિવાય ભારતનું સંસદીય રાજકારણ પણ આત્યંતિકતાને પોષનારું નથી. સામ્યવાદીઓ, અકાલીઓ, દ્રવિડવાદીઓ, ઈશાન ભારતના અલગતાવાદીઓને એક દિવસ સમજાઈ ગયું કે આક્રમકતા અને આત્યંતિકતા આ દેશની પ્રજાને ભાવતી નથી અને જો સંસદીય લોકશાહી માર્ગે સત્તા સુધી પહોંચવું હોય તો દરેકનો સાથ લેવો જરૂરી છે.

ટૂંકમાં આ પ્રકારનો રાજકીય વિમર્શ એ સમયે દેશમાં ચાલતો હતો જેમાં દરેકને એમ લાગતું હતું કે સામ્યવાદી ભારત અને હિન્દુ ફાસીવાદી ભારત આ દેશમાં ક્યારેય આકાર ન પામી શકે. સામ્યવાદીઓએ લોહિયાળ ક્રાંતિ કરીને સત્તા કબજે કરવાનો માર્ગ છોડીને સંસદીય માર્ગ પ્નાવ્યો હતો. આ લખનારની પણ એવી જ સમજ હતી. એટલે તો કોંગ્રેસના ભ્રષ્ટાચાર સામે લડવા જેમ રાજકીય પક્ષોએ અને રાજકીય નેતાઓએ સંઘનો સાથ લીધો હતો એમ નાગરિક સમાજે પણ લીધો હતો જેનો હું એક સભ્ય છું. એક સધિયારો હતો જે ખોટો સાબિત થયો.

(ક્રમશઃ)